**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૮ ટકા

# થીજીને બરફ બનેલી નદી પર શહેરના યુવાનો ટ્રેકીંગ કરશે

## જમ્મુ-કાશ્મિરના લેહ ખાતે થીજી જતી ઝંસ્કાર નદીના ૯૦ કિમીના દુર્ગમ ટ્રેક પર ટ્રેકીંગ કરશે ત્રણ યુવાનોમાં ધર્મદિપસિંહ રાઓલ, ડો. અરૂણસિંહ કુંપાવત અને આલોક બ્રહ્મભટ્ટનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ઠંડા શહેરમાં ગાંધીનગરનું નામ મોખરે આવે છે અને શહેરમાં હાલના સંજોગોમાં પડી રહેલ કડકડતી ઠંડીમાં શહેરીજનો થર થર કાંપી રહ્યા છે. ત્યારે આ સંજોગોમાં શહેરના ત્રણ યુવાનો જમ્મુ-કાશ્મિરના લેહ જિલ્લામાં બરફની નદી પર ટ્રેકીંગ કરવા જવાની તૈયારીઓ કરી રહ્યા છે. જમ્મુ-કાશ્મિરના લેહ જિલ્લાની ઝંસ્કાર નદી શિયાળાની ઋતુમાં થીજી જાય છે ત્યારે તેનો ૯૦ કિલોમીટરનો પ્રવાહ ટ્રેકીંગ માટે ભારતનો સૌથી કપરો ટ્રેક ગણાય છે. જેને ચાદર ટ્રેક તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ત્રણેય યુવાનો આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી પણ આ ટ્રેકીંગ દરમિયાન ભારતીય સૈન્યના જવાનો સાથે કરશે.

જે સ્થળે શિયાળામાં માઈનસ ૩૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે તેવા અત્યંત વિષમ વાતાવરણમાં થીજી જતી ઝંસ્કાર નદીના ૯૦ કિલોમીટર લાંબા પ્રવાહ પર દુનિયાભરના સાહસિક, રોમાંચના શોખીનો આ અતિ દુર્ગમ ટ્રેક પર ટ્રેકિંગ કરવા આવે છે. આ ટ્રેકીંગમાં આ વખતે ગાંધીનગરના ત્રણ સાહસિક યુવાનો જોડાઈ રહ્યા છે. જેમાં ધર્મદિપસિંહ રાઓલ, ડૉ. અરૂણસિંહ કુંપાવત અને આલોક બ્રહ્મભટ્ટનો સમાવેશ થાય છે. આ ત્રણેય યુવાનો તા. ૨૨મી જાન્યુઆરીએ ગાંધીનગરથી કાશ્મિર જવા રવાના થશે અને તા.૨૪મી જાન્યુઆરીથી તેમના ટ્રેકીંગનો પ્રારંભ થશે જે તા. ૨જી ફેબ્રુઆરીએ તેનું સમાપન થશે. આ સમયગાળા દરમિયાન તા. ૨૬મી જાન્યુઆરીએ ભારતના પ્રજાસત્તાક દિનની ઉજવણી ભારતીય સૈન્યના જવાનો સાથે કરશે. છેલ્લા કેટલાક સમયથી આ ત્રણેય યુવાનો તેમના કપરાં સાહસને પરિપૂર્ણ કરવા માનસિક અને શારીરિક પડકારોને પહોંચી વળવા અંગે સઘન તૈયારીઓ કરી રહ્યા છે. આ યુવાનો પૈકી ધર્મદિપસિંહ રાઓલ અનેકવાર મોટરસાઈકલ દ્વારા જમ્મુ-કાશ્મિરના લેહ લદ્દાખમાં સાહસિક રાઈડસ કરી ચુકયા છે જયારે આલોક બ્રહ્મભટ્ટ આ માર્ગો પર સાયકલિંગ કરી ચુકયા છે. ભારતના સૌથી કપરા ગણાતા ચાદર ટ્રેક પર હાડ થીજાવી નાંખે તેવી ઠંડીમાં તેઓ સૈ પ્રથમવાર ટ્રેકીંગ કરવા જઈ રહ્યા છે. તેમના આ સાહસના નિર્ધારથી શહેરના યુવાનોમાં જોમનો સંચાર થયો છે અને ત્રણેય યુવાનોને ચોતરફથી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.





### શહીદ મ્યુઝિયમ સ્થળે પ્રજાસત્તાક દિન ઉજવશે

ભારતીય સૈન્ય દ્વારા જમ્મુ-કાશ્મિરના લેહ ખાતે સૈન્યના શહીદ જવાનોની યાદમાં એક મ્યુઝિયમ તૈયાર કર્યું છે જે 'હૉલ ઓફ ધ ફેઈમ' તરીકે ઓળખાય છે. આ મ્યુઝિયમમાં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા યુધ્ધમાં ખાસ કરીને કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા વીર જવાનોના સંસ્મરણો સાચવીને રખાયા છે. ગાંધીનગરના ત્રણેય સાહસિક યુવાનો આ સ્થળે સૈન્યના જવાનો સાથે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરશે.

## રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વામી વિવેકાનંદ સપ્તાહની ઉજવણી

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વામી વિવકાનંદ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેના ઉદઘાટન કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રોના પ્રસિદ્ધ કથાવાચક રજનીકાંત ભટ્ટે વ્યાખ્યાન આપ્યું હતું. આ સપ્તાહ દરમિયાન વકતૃત્વ સ્પર્ધા, રકતદાન શિબિર, નિબંધ સ્પર્ધા, સૂત્રલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને સ્વચ્છતાના સંદર્ભમાં ગ્રામ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને સમાપન સમારોહમાં પુરસ્કારના સ્વરૂપે ગાંધી સાહિત્ય આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે સંસ્થાના ડીન પ્રભુલાલ કાસુન્દ્રાએ પ્રવચન આપ્યું હતું. સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક જી.એલ.એસ. યુનિ.ના વિનોદ ત્રિપાઠી, અલ્પેશ ઉપાધ્યાય તથા તેજસ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.



# દારૂના ગોડાઉન કેસમાં પોલિસે ઈ.ડી.ને રીપોર્ટ કર્યો

## મની લોન્ડરીંગની પુરેપુરી શકયતા : ત્રણ ગોડાઉનમાં ભરેલો સાડા ત્રણ કરોડનો દારૂ કેવી રીતે ભેગો કર્યો તેની તપાસ : આર.આર. સેલે તપાસ સંભાળી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના સાંતેજ, દંતાલી અને ખોરજ ત્રણ વિસ્તારમાંથી વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરેલા ત્રણ મોટા ગોડાઉનો પકડી પાડવામાં આવ્યા હતા. આ પ્રકરણ-મામલે ચાર મુખ્ય બુટલેગરો કે જેણે સાડા ત્રણ કરોડની કિંમતનો દારૂ ભર્યો હતો તે રૂપિયા કયાંથી આવ્યા હતા તે સહિતની તપાસ અનિવાર્ય છે. દારૂના ગુનામાં ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર પોલિસે ઈ.ડી.ને મની લોન્ડરીંગ મામલે તપાસ કરવા રીપોર્ટ કર્યો છે. સમગ્ર ઘટનાની તપાસ રેન્જ આઈજીપીની આર.આર. સેલે શરુ કરી છે.

ત્રણ વિદેશી દારૂના ગોડાઉનો પકડાયા તેમાં મુખ્ય બુટેલગરો સંતોષ, જીગ્નેશ, બંસી અને પ્રદિપ હોવાનું બહાર આવ્યું છે. આ શખ્સો સામે અલગ અલગ ચાર જેટલા ગુનાઓ નોંધાયા છે. બે પ્રોહીબીશનન ગુના ઉપરાંત નંબર પ્લેટ ખોટી લગાડવી અને હવે ગોડાઉનનું ખોટું એગ્રીમેન્ટ કરવું તે સહિતના ગુના દાખલ કરવામાં આવ્યા છે. સાડા ત્રણ કરોડ રૂપિયાનો દારૂ-બિયરનો જથ્થો એકત્ર કરવા મની લોન્ડરીંગ, ઈલીગલ ટ્રાન્ઝેકશન થયા હોવાની પુરેપુરી શકયતાને પગલે પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવા ઈ.ડી.ને રીપોર્ટ કર્યો છે. બુટલેગરોની પ્રોપર્ટી, બીઝનેસ, બેંક એકાઉન્ટસ, દાગીના સહિતની તમામ બાબતો અંગે તપાસ કરવા રીપોર્ટ થયો છે. આ પ્રકરણની હવે આર.આર. સેલે વધુ તપાસ શરુ કરી દીધી છે.

# સે-૨-સી ખાતે આંતરીક માર્ગ બનાવવા રહીશોની માંગ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨ની રચના થયાને અઢી દાયકાઓ વિતી ગયા હોવા છતા સ્થાનિક વિસ્તારમાં આવેલા આંતરીક માર્ગનો બનાવવાનું કામ તંત્ર ભુલી જતા દબાણો પણ આ સ્થાનો પર બની જવા પામ્યા છે. જેને અનુલક્ષી વારંવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા દબાણો દુર કરીને માર્ગ બનાવવાની કામગીરી નહીં કરાતા સ્થાનિક રહીશોમાં રોષ ભભુકી ઉઠયો છે.

પાટનગરના સેકટર-૨ ના નિર્માણ થયાને ૨૫ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. ત્યારે સેકટર-૨ સી માં રીંગ રોડની પાસે આવેલા પ્લોટ નં-૯૭૬ થી ૯૭૯ સુધી આંતરીક માર્ગ બનાવવાનું નકશામાં પણ દર્શાવવામાં આવ્યું છે. પરંતુ તંત્ર દ્વારા આજદિન સુધી આ માર્ગ ને બનાવવા માટે કોઈ જ કામગીરી કરવામાં નહીં આવતા ગેરકાયદેસર દબાણો કરીને માર્ગ બંધ કરી દેવાયો છે. જેના પગલે સ્થાનિક રહીશોને અવર-જવરમાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ સેકટરની રચના સમયે નકશામાં દર્શાવેલો માર્ગ પણ તંત્ર બનાવવાનું ભુલી ગયું હોય તેમ આ વિસ્તારમાં કામગીરી કરી જ નથી. સેકટરના મુખ્ય માર્ગને પ્રવેશને અડીને આવેલો આ માર્ગ હાલમાં બંધ હાલતમાં હોવાથી નાગરીકો પણ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. દબાણો દુર કરીને તંત્ર દ્વારા માર્ગ બનાવવામાં આવે તેવી રજુઆત પણ છેલ્લા ઘણા સમયથી રહીશો દ્વારા કરવામાં આવી રહી છે. છતા પણ તે બાબતે કોઈ જ કામગીરી કરવામાં નહીં આવતા રહીશો પણ માર્ગના અભાવે હેરાન પેરશાન થઈ રહ્યા છે અને સત્વરે રોડની કામગીરી શરુ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની લાગણી અને માંગણી છે.

## આજે પીડીપીયુ ખાતે જોશટોકનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની પીડીપીયુ ખાતે ફેસબુક અને જોશટોકના સંયુકત ઉપક્રમે બપોરે ૧ વાગ્યે થી સાંજે ૬ વાગ્યા સુધી જોશટોક ગાંધીનગરનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક દિવસની કોન્ફરન્સમાં દરેક પ્રકારના વિષયોને આવરી રાષ્ટ્ર અંગે વ્યાપક વાતો કરવામાં આવશે. કાર્યક્રમમાં ગુજરાતના નંબર વન આરજેનો પ્રવાસ, એક પોલિયો-અસરગ્રસ્ત ખેડૂત જેણે ૧૮ થી વધુ રાજ્ય સ્તરના એવોર્ડ્સ અને ઘણા રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ એનાયત કર્યા છે, જે તેમના ગામના ૬૦,૦૦૦ ખેડૂતોને તેમની આજીવિકા કમાવવા માટે મદદ કરે છે અને ઈન્ટરનેશનલ લેવલ બેડમિન્ટન ખેલાડી, જે ૬૦ વર્ષની ઉંમરે તેના સ્વપ્રમાં છે. વિચારોના રોલર કોસ્ટર પ્રવાસ પર તમને લાવવા માટે ઉભરી કથાઓ અને વિચારોત્તેજક અનુભવો એકસાથે માં જોવા મળશે.

જોશટોકનો મુખ્ય ઉદ્દેશ્ય વાર્તાના માધ્યમથી નવા વિચારો, નવી વાર્તાઓ અને નવી તકો વિશે લોકોને માહિતગાર કરવાનો છે અને તેજ હેતુથી ટાયર ૨ અને ૩ શહેરોમાં આ શો યોજાશે. જોશટોક ગાંધીનગર એ ગુજરાતની જનતાને એક સાથે લાવવા અને તેમને બતાવવા કે આજે દુનિયામાં શું થઈ રહ્યું છે તે માટેનું એક પગલું છે.



## સે-૪ ખાતે સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની જાણીતી સેવાભાવી સંસ્થા શ્રી કૃપા ફાઉન્ડેશન તથા ગાંધીનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે શહેરના સે-૪ ખાતેના જાહેર બગીચામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ફાઉન્ડેશનના પ્રમુખ છાયા ખરાડી, ઉપપ્રમુખ ભારતી વાઘેલા, સેક્રેટરી વિનોદ ઉદેચા, સભ્ય જયોતિ ભટ્ટ તથા જીતુ ગાંધી દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના વોર્ડ નં. ૫ તથા વોર્ડ નં. ૭ના સેનેટરી ઈન્સ્પેકટર સુનીલ સોલંકી તથા ટીમ આ અભિયાનમાં જોડાયા હતા. તેમજ તમામ સાધન સામગ્રી પુરી પાડી હતી. ફાઉન્ડેશનના સેક્રેટરી વિનોદ ઉદેચાએ ઉપસ્થિત રહેલી ૭૦ જેટલી બહેનોને ભીના તથા સુકા કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉપસ્થિત સર્વેને સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા સર્વેક્ષણમાં સહયોગી બનવા અપીલ કરી હતી.

# સ્વ. શેઠશ્રી જીવણભાઈ ચૌધરી નવી પેઢી માટે પ્રેરણારૂપ : પરબતભાઈ

## શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ અને સ્વ. શેઠ શ્રી જીવણભાઇ માધાભાઇ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને રૂપિયા ૬ લાખની શિષ્યવૃત્તિના ચેકોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ગાંધીનગર સંકુલના સ્થાપક તથા મુખ્ય દાતા સ્વ. શેઠ શ્રી જીવણભાઈ એમ.ચૌધરીની ૧૮મી પૂણ્યતિથિ અને ભકિત વંદના કાર્યક્રમમાં ધોરણ-૧૨ પછી વિજ્ઞાન પ્રવાહના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રત્યેકને રૂ. ૧૦ હજારની શિષ્યવૃત્તિના ચેકો પાણી પુરવઠા અને સિંચાઈ રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરી સમાજના વિકાસ માટે અને ખાસ કરીને કન્યા કેળવણી ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી પોતાનું જીવન સમાજ માટે સમર્પિત કરનાર મુખ્ય દાતા શેઠશ્રી જીવણભાઈ ચૌધરીની ભૂમિકા અને તેમના નોંધપાત્ર યોગદાનથી સમાજમાં શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. સમાજના વિકાસ માટે સમાજના દાતાઓ અને અગ્રણીઓએ ચિંધેલો માર્ગ અપનાવી આજના યુવાનો વિકાસ માટે નવા ક્ષેત્રો અને ઉંચા લક્ષ્યાંકો રાખી પ્રગતિ કરે તેવી અપીલ કરી હતી. ગાંધીનગરની આ કન્યા છાત્રાલયમાં આજે ૧૧૦૦ જેટલી દીકરીઓ હોસ્ટલમાં રહે છે. અને ૭ હજાર જેટલી કન્યાઓ શિક્ષણ મેળવે છે. શિક્ષણ હબ તરીકે પ્રસ્થાપિત થયેલ ગાંધીનગરમાં બનાસકાંઠા જેવા છેવાડાના જિલ્લામાંથી ૫૦૦થી વધુ દીકરીઓને ગાંધીનગરમાં રહેવા સાથેની શિક્ષણ સુવિધા પ્રાપ્ત થઈ છે.





આ પ્રસંગે ધાનેરાના ધારાસભ્ય શ્રી નાથાભાઈ પટેલ અને દિયોદરના ધારાસભ્ય શ્રી શિવાભાઈ ભુરિયાએ જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં શિક્ષણની સાથોસાથ યુવા પેઢીમાં સંસ્કારયુક્ત અને વ્યસન મુક્ત યુવાપેઢીનું નિર્માણ થાય તે ખૂબ જ જરૂરી છે. મુખ્ય દાતાની પૂણ્યતિથિ અને ભક્તિ વંદનાના આ પ્રકારના કાર્યક્રમો સમાજના વિકાસને ઓકિસજન પુરું પાડે છે. આ દ્વારા સમાજને નવી પ્રરેણા મળે છે.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી સંસ્થાના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્વ. શેઠ શ્રી જીવણભાઈ એમ. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂપિયા ૧ કરોડથી વધુ માતબર રકમના ફંડની વ્યાજની આવકમાંથી મેડિકલ, એન્જીનિયરિંગ, ફાર્મસી, જેવા ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧૦ હજારની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ટ્રસ્ટ દ્વારા ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓને રૂપિયા ૯૦ લાખની શિષ્યવૃત્તિ ઉચ્ચ અભ્યાસ માટે આપવામાં આવી છે.

ટ્રસ્ટના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરની શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સ્વ. શેઠશ્રી જીવણભાઈ એમ. ચૌધરીના ધર્મપત્ની હેમલત્તાબેન ચૌધરી સહિત સમાજના અગ્રણીઓ અને દાતાઓ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન કાઉન્સીલ પગરવ હોસ્પિટલ અને રોટરી કલબના સંયુકત ઉપક્રમે નિ:શુલ્ક રોગ નિદાન કેમ્પ સવારે ૯ થી બપોરે ૧ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી ખોડિયાર ધામ વાવોલ ખાતે પ્રથમ પાટોત્સવમાં સવારે ૮.૧૫ કલાકે મૂર્તિ પૂજનવિધિ, ૧૨ કલાકે અન્નકુટ અને સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન પ્રસાદ કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨ નવરાત્રિ મેદાન રંગમંચની પાછળ તા. ૨૬ જાન્યુઆરી સુધી શિવકથા બપોરે દોઢ કલાકથી સાડા પાંચ કલાક સુધી યુવા કથાકાર શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે યોજાશે.

## વાતવાતમાં

● રવિવારે રાષ્ટ્રપતિ ગાંધીનગર રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરશે. રાષ્ટ્રપતિની સુરક્ષા માટે ૨ એસપી, ૮ ડીવાયએસપી, ૧૨ પીએસઆઈ, ૪૦૦ પોલિસ કર્મી ઉપરાંત એક એસઆરપીની કંપનીનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

● પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મધ્યપ્રદેશના રાજયપાલ પદે નિયુકત થતાં ગાંધીનગરના વર્તમાન મેયર પ્રવિણ પટેલ અને પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા એક જ ગાડીમાં આનંદીબેનને બંગલે પહોંચ્યા હતા અને અભિનંદન આપ્યા હતા.

● ભારતીય ટીમને ક્રિકેટમાં સૌપ્રથમ વિશ્વકપ વિજેતા બનાવનાર પૂર્વ કપ્તાન કપિલદેવ ગાંધીનગરના મહેમાન બન્યા હતા. હરિયાણા એકસપ્રેસ તરીકે જાણીતા કપિલ દેવ મહાત્મા મંદિર ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા.

## મહારાણા પ્રતાપની પુણ્યતિથિ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ

વીર રાજપૂત મહારાણા પ્રતાપની પુણ્યતિથિ નિમિત્તે સે-૧૨ ખાતે આવેલા બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવનમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજપૂત વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. આ નિબંધ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજાઈ હતી. જેમાં અ વિભાગમાં ચૌહાણ મનોહરસિંહ નરેન્દ્રસિંહ-પ્રથમ, પરમાર સંગીતા અજાનસિંહ-દ્વિતિય અને રાઠોડ દીપીકા નરેન્દ્રસિંહ-ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા. બ વિભાગમાં ચૌહાણ સંગીતાબા વિજયસિંહ-પ્રથમ, રાઠોડ દક્ષાબા નરેન્દ્રસિંહ-દ્વિતિય અને રાજપૂત રવીન્દ્રસિંહ ભેરૂસિંહ-ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા જયારે ક વિભાગમાં વાઘેલા કર્મજીતસિંહ જનકસિંહ-પ્રથમ, જાડેજા વિરેન્દ્રસિંહ-દ્વિતિય અને ગોહેલ હરનામસિંહ ભગીરથસિંહ-ત્રીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ કાર્યક્રમમાં ક્ષત્રીય યુવક સંઘના સંપાદક મહાવીરસિંહ શેખાવત, રાજપૂત સમાજ ગાંધીનગરના મહામંત્રી પ્રદીપસિંહ બિહોલા, કરણસિંહ તથા અન્ય આગેવાનો તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## ચિરવિદાય

- સ્વ. રઈબેન મંગળદાસ પ્રજાપતિ, ઉ.વ. ૯૮
- સ્વ. ધૂળીબેન કેશાજી બારૈયા, ઉ.વ. ૭૫